# અવની મોદી અભિનિત 'કેરી ઓન કેસરને' જીફા એવોર્ડ્સમાં ૧૩ નોમિનેશન્સ

## ગુજરાત આઈકોનિક ફિલ્મ એવોર્ડસમાં ૬૧ ફિલ્મોમાંથી ૫૮ ફિલ્મને નોમિનેટ કરાઈ : કુલ ૨૨ કેટેગરી માટે છ-છ નોમિનેશન્સ અપાયા છે : સૌથી વધુ નોમિનેશન્સ 'કેરી ઓન કેસર'ને મળ્યા

ગાંધીનગર, તા. ૪

ગુજરાતી આઈકોનિક ફિલ્મ એવોર્ડ્સ-૨૦૧૭નો એવોર્ડસ વિતરણ સમારોહ તા. ૬ઠ્ઠી જાન્યુઆરીએ અમદાવાદના કાંકરિયા પાસે ટ્રાન્સસ્ટેડિઆ ખાતે યોજાશે. આ કાર્યક્રમમાં વિવિધ ૨૨ કેટેગરીમાં એવોર્ડ્સ અપાશે. જેમાં 'કેરી ઓન કેસર'ને ૧૩ કેટેગરીમાં નોમિનેશન્સ પ્રાપ્ત થયું છે. અત્રે ઉલ્લેખનીય છે કે 'કેરીઓન કેસર' એ ગાંધીનગરની અભિનેત્રી અવની મોદી અભિનિત ફિલ્મ છે, જે વિવિધ પરિણામો પર આધારિત છે.

જીફાના પ્રેસિડેન્ડ હેતલભાઈ ઠક્કર અને વાઈસ પ્રેસિડેન્ટ અરવિંદભાઈ વેગડાએ જણાવ્યું હતું કે છેલ્લા અમુક વર્ષોમાં ગુજરાતી ફિલ્મોને અદભુત સફળતા મળ્યા પછી ગુજરાતી ફિલ્મ ઉદ્યોગોની પરિસ્થિતિમાં બદલાવ જોવા મળ્યો છે. આજકાલ ગુજરાતી ફિલ્મ ઉદ્યોગ મજબૂતીથી અને સફળતાપૂર્વક રીતે આગળ વધી રહ્યું છે, ત્યારે જીફા તેને વધુ પ્રોત્સાહન અને બળ પુરૂ પાડવાનું કામ કરી રહ્યું છે.




છે. આ એવોર્ડ સમારંભમાં હિન્દી અને ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝના માંધાંતાઓ હાજરી આપનાર છે. કુલ ૬૧ ફિલ્મોમાંથી જ્યુરીએ ૫૮ ફિલ્મોને વિવિધ કેટેગરી માટે નોમિનેટ કરી છે. જેમાં દરેક કેટેગરીમાં છ-છ નોમિનેશન્સ અપાયા છે.

વર્ષ ૨૦૧૬માં ગુજરાતી ફિલ્મ ઉદ્યોગને પ્રોત્સાહન મળે અને ગુજરાતી કલાકારોની પ્રતિભાને નવાજવા માટે હેતલભાઈ ઠક્કર અને અરવિંદભાઈ વેગડાએ ગુજરાતી આઈકોનિક ફિલ્મ એવોર્ડસનું આયોજન કર્યું છે. તેમનો મુખ્ય ઉદ્દેશ્ય એ જ હતો કે ગુજરાતી ફિલ્મોને પણ હિન્દી તથા અન્ય રિજનલ ભાષાની ફિલ્મો જેટલો જ પ્રતિસાદ અને પ્રેમ વિશ્વભરમાં વસવાટ કરતા ગુજરાતીઓ પાસેથી મળે અને વધુને વધુ ગુજરાતી ફિલ્મો જોવાયા. આજે જ્યારે ગુજરાતી ફિલ્મો બનાવનાર નિર્માતાઓ અને નિર્દેશકો નવા-નવા વિષયો પર આધારિત ફિલ્મ બનાવવા અને તેને રિલીઝ કરવા બહુ જ ઉત્સાહી અને પ્રખર થયા છે ત્યારે ગુજરાતી આઈકોનિક ફિલ્મ એવોર્ડ્સ-૨૦૧૭ એ ક્વોલીટી માર્ક દ્વારા ગુજરાતી ભાષા અને ગુજરાતી ફિલ્મોને પ્રોત્સાહિત કરવા નવી પહેલ કરેલ ગયા વર્ષે યોજાયેલ એવોર્ડ ફંક્શનમાં કુલ ૪૭ ફિલ્મોની એન્ટ્રી આવેલી જે આ વર્ષે વધીને ૬૧નો આંકડો વટાવી ગઈ છે એ જ જીફાની સફળતાનું ઉદાહરણ છે. આ વર્ષે જીફા ફંક્શનમાં નાના-મોટા દરેક ક્ષેત્રે ફિલ્મ ઉદ્યોગ સાથે જોડાયેલ ૨૫૦૦૦થી પણ વધુ લોકો સામેલ થશે તેવી ખાતરી છે.

આ વર્ષે કુલ ૬૧ ફિલ્મોની ઓફિશિયલ એન્ટ્રી આવેલ છે જેમાંથી જ્યુરી મેમ્બર્સે ૫૮ ફિલ્મોને જોઈ છે અને ૨૭ ફિલ્મોને એક કરતા વધુ કેટેગરીમાં નોમિનેટ કરાઈ છે. ઉપરાંત આ વર્ષે નવી પ્રતિભાને પ્રોત્સાહિત કરવા 'ડેબ્યુ મેલ' તથા 'ડેબ્યુ ફિમેલ' એમ ૨ નવી કેટેગરીનો પણ ઉમેરો કરવામાં આવ્યો છે.

આ વર્ષે જીફા ૨૦૧૭ આગામી ૬ જાન્યુઆરીએ ટ્રાન્શસ્ટેડીઆ ખાતે યોજાશે જેમાં ગુજરાતી તથા હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના દિગ્ગજો ઉમેશ શુકલ, અરવિંદ રાઠોડ, અરવિંદ જોશી, હિતેન કુમાર, મનોજ જોશી, દર્શન જરીવાલા, અમિષા પટેલ, સુપ્રિયા પાઠક, ભૂમિ ત્રિવેદી, સચિન-જીગર, ઐશ્વર્યા મજુમદાર, જેકી શ્રોફ, વિક્રમ ઠાકોર, સૌમ્ય જોશી, દિપક ઘીવાલા તથા રાગીણી શાહ હાજરી આપશે.

# પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરનારાઓને પક્ષમાં સાંખી નહિ લેવાય : બળદેવજી

## વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસનો જનાધાર વધ્યો છે : નિશીત વ્યાસ ; જિલ્લાની જનતાની લાગણીનો વિજય છે : ડો. ચાવડા ; મતદારોના વિશ્વાસને સાર્થક કરીશુ : સુરેશ પટેલ : ત્રણેય સભ્યો જાગૃત છે અને અન્યાય નહિ થવા દે : હિમાંશુ પટેલ

ગાંધીનગર, તા. ૪

વિધાનસભાની સામાન્ય ચૂંટણી દરમ્યાન પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરનારાઓને પક્ષમાં સાંખી શકાય





નહિ તેમની સામે શિસ્તભંગના પગલાં ભરવામાં પણ કોઈ કચાશ રાખવી જોઈએ નહિ તેવો આક્રોશ કલોલના ચૂંટાયેલા સભ્ય બળદવેદજી ઠાકોરે આજે કોંગ્રેસ કાર્યકરોની બેઠકમાં કર્યો હતો.

બળદેવજી ઠાકોરે જણાવ્યુ હતુ કે ટિકિટ માંગવાનો સૌ કાર્યકરને હક્ક છે પણ ટિકિટની ફાળવણી બાદ હરિફ પક્ષના આગેવાનો સાથે ગુપ્ત બેઠકો યોજી સાથી કાર્યકરને હરાવવા ગળાડૂબ રહેનાર કાર્યકરોને પક્ષમાંથી સસ્પેન્ડ જ કરવા જોઈએ.

તેમણે જણાવ્યુ હતુ કે વિધાનસભાના જંગમાં જે કાર્યકરોએ પારિવારિક ભાવના દર્શાવી અને ત્રણ બેઠકો જીતી છે તેના અમે માત્ર માધ્યમ બન્યા છીએ. પક્ષની વિચારધારાનો વ્યાપ વધ્યો છે પરંતુ આટલુ પુરતુ નથી હજુ લાંબી મઝલ કાપવાની છે ત્યારે આ પારિવારિક ભાવના સુદ્રઢ બને તે દિશામાં કામગીરી કરવી પડશે.

ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ જણાવ્યુ કે કોંગ્રેસનો વિજય એ લોકોની લાગણીનો વિજય છે. અમે ત્રણેય સભ્યો જિલ્લાના પ્રશ્નો અંગે વિધાનસભાગૃહમાં આક્રમક લડત આપીશુ. જિલ્લાને ક્યાંય પણ અન્યાય નહિ થવા દઈએ.

ચાવડાએ જણાવ્યુ હતુ કે કોંગ્રેસના કાર્યકરનો પરિશ્રમ અને લોકોની લાગણીથી વિજય થયો છે પણ નાનામાં નાના માણસની સુવિધામાં સુધારો થાય તે માટે અમે તત્પર રહીશુ.

માણસાના ચૂંટાયેલા ધારાસભ્ય સુરેશભાઈ પટેલે જણાવ્યુ હતુ કે મતદારોએ મન મુકી મત આપી જે વિશ્વાસ કોંગ્રેસ માટે વ્યક્ત કર્યો છે તેને અમે સાર્થક કરવાના તમામ પ્રયાસ કરીશુ.

આ બેઠકને પ્રદેશ મહામંત્રી નિશીત વ્યાસે સંબોધતાં જણાવ્યું હતું કે કોંગ્રેસ મુક્તની વાત કરનારાઓને કોંગ્રેસની વિચારધારા કેટલી મજબુત છે તેનો પુરાવો આ ચૂંટણીના પરિણામો જ બતાવે છે. વ્યાસે જિલ્લામાં કોંગ્રેસનો જનાધાર વધ્યો હોવાનો દાવો પણ કર્યો હતો અને આગામી પંચાયતી રાજની ચૂંટણીમાં પક્ષનો વિજય ભવ્યાતિભવ્ય થાય તે માટે કાર્યકરોને હાંકલ કરી હતી

પ્રદેશ પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે પણ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યુ હતુ અને જણાવ્યું હતુંકે કોંગ્રેસ વિધાનસભામાં અસરકારક ભૂમિકા અદા કરશે. જિલ્લાના ત્રણેય ચૂંટાયેલા સભ્યો જાગૃત છે એટલે જિલ્લાને અન્યાય નહિ થાય તેવો તેમને વિશ્વાસ છે.

## આજે ઈલેક્શન ક્વીઝ એસ.ટી.સી. ખાતે યોજાશે

કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા આજે સ્ટાફ ટ્રેનીંગ કોલેજ સેક્ટર-૧૭ રાજ્યસ્તરની ઈલેક્શન ક્વીઝનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં રાજ્યભરમાંથી ૭૦થી વધુ બાળકો ભાગ લેનાર છે. આ અગાઉ રાજ્યના દરેક જિલ્લામાં આવી ક્વીઝનું આયોજન કરવામાં આવ્યુ હતુ અને તેમાંથી બેબે સ્પર્ધકો આજે રાજ્યકક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા માટે આવશે.

રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારીની ઉપસ્થિતિમાં યોજાનાર આ ક્વીઝમાં વિજેતા બનનાર વિજેતાઓ રાષ્ટ્રીયસ્તરની ક્વીઝમાં ભાગ લેવા જશે. રાજ્યસ્તરની આ ક્વીઝ માટે પંચના અધિકારીઓએ તડામાર તૈયારીઓ આરંભી દીધી છે.

સવારે ૧૦થી ૧ દરમ્યાન આ ક્વીઝ યોજાશે અને પછી વિજેતાઓને પુરસ્કાર એનાયત કરવામાં આવશે.

# ગાંધીનગર તાલુકા પંચાયત અને માણસા નગરપાલિકાનો જંગ જીતવા કોંગ્રેસનો સંકલ્પ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિની આજે મળેલી બેઠકમાં ચાર પ્રસ્તાવો પારિત કરવામાં આવ્યા હતા. આ બેઠકમાં ગાંધીનગર તા. પંચાયત અને માણસા નગરપાલિકાની ચૂંટણી જીતવાનો સંકલ્પ પણ કરાયો હતો.

પારિવારિક ભાવનાથી સંકળાયેલ કોંગ્રેસ પરિવાર પંચાયતી રાજની આ ચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવારની પસંદગી માટે નિરીક્ષકો નિમવા અને ચૂંટણી સંચાલન અંગે અલાયદી સમિતિ બનાવવા પણ સૂચવ્યુ હતુ. આ બેઠકમાં પક્ષના સંગઠ્ઠનમાં બદલાવ કરવાનું સૂચન પણ થયુ હતુ જો કે તે ધીમા સ્વરે હતુ. આ બેઠકમાં વિધાનસભાની ચૂંટણીમાં નિષ્ક્રીય રહેનાર અને પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરનારાઓની યાદી તૈયાર કરી શિસ્તભંગના પગલાંની હિમાયત સાથે પ્રદેશને મોકલી આપવાનો નિર્ણય પણ લેવાયો હતો.

શરૂ થયેલ સને ૨૦૧૮ ના નવા વર્ષે કોંગ્રેસજનોને અભિનંદન પાઠવવા, નવનિર્વાચિત ધારાસભ્યો બળદેવજી ઠાકોર, ડૉ. સી. જે. ચાવડા, સુરેશભાઈ પટેલ અને ઉત્તર ગુજરાત ઝોનના પ્રભારી અને ધારાસભ્ય લાખાભાઈ ભરવાડનો સન્માન સમારંભ અને જિલ્લા કોંગ્રેસની કારોબારી બેઠક જિલ્લા પ્રમુખ સૂર્યસિંહ ડાભીના અધ્યક્ષ પદે આજરોજ સ્ટાફ ટ્રેનીંગ કોલેજ,સે-૧૭, ગાંધીનગર ખાતે વિશાળ સંખ્યામાં કોંગ્રેસ કાર્યકરોની ઉપસ્થિતિમાં યોજાઈ હતી. જે પ્રસંગે મહાનુભાવોએ જિલ્લાના સૌ




મતદાતાઓનો આભાર માની આગામી લોકસભા-૨૦૧૯ની ચૂંટણીમાં વિજય મેળવવા આહવાન કર્યુ હતું. તેમજ આગામી ફેબ્રુઆરીમાં યોજાનાર ગાંધીનગર તાલુકા પંચાયત અને માણસા નગરપાલિકાની સામાન્ય ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષનો વિજય થાય તે માટે રણનીતિ ઘડી કાઢવા હાકલ કરી હતી. આ સાથે જિલ્લા કોંગ્રેસની કારોબારી બેઠક પણ યોજાઈ હતી. જેમાં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના અધ્યક્ષ તરીકે ચૂંટાવા બદલ રાહુલ ગાંધીને અભિનંદન આપતો, નવસર્જન ગુજરાતની પરિકલ્પનાને સમર્થન આપી કોંગ્રેસ પક્ષની તરફેણમાં મતદાન કરનારા મતદાતાઓનો આભાર માનતો, વિધાનસભાની ચૂંટણીમાં પક્ષ વિરોધી પ્રવૃતિ કરનાર અને નિષ્ક્રિય રહેનારા આગેવાનો અને કાર્યકરો સામે શિસ્તભંગના પગલા લેવા અને ગાંધીનગર તાલુકા પંચાયત તેમજ માણસા નગરપાલિકાની સામાન્ય ચૂંટણી જીતવા અંગેના વિવિધ ઠરાવો પસાર કરાયા હતા. બેઠક દરમ્યાન આગેવાનો પાસેથી વિવિધ સૂચનો પણ મેળવાયા હતા. કાર્યક્રમની શરૂઆતમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભીનો જન્મદિવસ હોવાથી યુવા કોંગ્રેસ, એન.એસ.યુ.આઈ અને મહિલા કોંગ્રેસ દ્વારા કેક કાપવામાં આવી હતી. જે પ્રસંગે ઉપસ્થિત સૌ આગેવાનો અને કાર્યકરોએ પણ જિલ્લા પ્રમુખને જન્મદિવસની શુભેચ્છા પાઠવી હતી. પોતાના ભવ્ય સન્માનનો પ્રતિભાવ આપતા નવનિર્વાચિત ધારાસભ્યોએ સન્માનનો સ્વિકાર કરીને પોતાનું સન્માન કાર્યકરોને અર્પણ કરી જણાવ્યું હતુ કે સન્માન આપનાર કાર્યકરો છે અમે તો માધ્યમ માત્ર છીએ. જિલ્લાના અમે ત્રણેય ધારાસભ્યો સમગ્ર જિલ્લાના પ્રશ્નોનું નિરાકરણ લાવવા સરકાર સામે લડીશું તેવો હુંકાર કર્યો હતો. ઉપસ્થિત કાર્યકરો, આગેવાનોએ આગામી લોકસભાની ચૂંટણીમાં ભવ્ય વિજય થાય તેવો સંકલ્પ લઈ ભોજનને ન્યાય આપ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મહામંત્રી અરવિંદસિંહ સોલંકીએ કર્યુ હતું. જયારે જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ ભરતભાઈ પટેલ શાબ્દિક સ્વાગત કર્યુ હતું જિલ્લાભરમાંથી મોટી સંખ્યામાં ઉપસ્થિત કાર્યકરોએ ચારેય ધારાસભ્યોનું પુષ્પ, પુષ્પહાર અને સુતરની આટીથી સન્માન કરી શુભેચ્છાઓ પાઠવી હતી.

# મધ્યાહન ભોજન યોજનાના કર્મચારીઓની આંદોલનની ચીમકી

ગાંધીનગર, તા. ૪

તાજેતરમાં રાજ્ય સરકારે મધ્યાહન ભોજન યોજનામાં અઠવાડિક મેનુનો તેમજ અલાયદી નાસ્તો આપવાનો અમલ કરવાનો જી.આર. કર્યો છે. જેના વિરોધમાં મધ્યાહન ભોજન યોજનાના કર્મચારીઓએ નારાજગી વ્યક્ત કરી છે.

ગુજરાત રાજ્ય મધ્યાહન ભોજન યોજના કર્મચારી મહામંડળના પ્રમુખ ચંદનસિંહ કે. વાઘેલા તથા તમામ કારોબારી સભ્યોએ એક સંયુક્ત નિવેદનમાં જણાવ્યું હતું કે મધ્યાહન ભોજન યોજના ગુજરાત સરકારે સને ૧૯-૧૧-૧૯૮૪માં દાખલ કરી છે. આ યોજનામાં છેલ્લા ૩૩ વર્ષથી કર્મચારીઓ જેવા કે સંચાલક, રસોઈયા અને મદદનીશ સામાન્ય વેતનથી નિષ્ઠાપૂર્વક માનદ્ સેવા આપી રહ્યા છે. જેવી કે પગાર ધોરણ/લઘુત્તમ વેતન આપી કાયમી કરવા બાબત, એનજીઓ દાખલ નહીં કરવા બાબત. આમ બંને માંગણીઓના ઉકેલ માટે રાજ્ય સરકાર/કેન્દ્ર સરકારમાં મૌખિક, લેખિત તેમજ આંદોલનો દ્વારા સતત રજૂઆત કરવામાં આવી રહી છે. તેમ છતાં રાજ્ય સરકાર અમારી એકપણ માંગણીનો ઉકેલ લાવી નથી. મધ્યાહન ભોજન યોજનાના કર્મચારીઓની માંગણી છે કે, તાત્કાલિક અસરથી અઠવાડિક નવા મેનુનો તેમજ અલાયદો નાસ્તો આપવાનો જી.આર. રદ કરીને જિલ્લાઓની ભૌગોલિક પરિસ્થિતિ મુજબ અઠવાડિક મેનુ એટલે કે હાલમાં ચાલતુ જુનું મેનુ ચાલુ રાખવુ. તેમનું માનવું છે કે આ જી.આર.થી મધ્યાહન ભોજન યોજનાના કેન્દ્રો પર આખા દિવસની કામગીરીના કારણે સામાન્ય વેતનમાં કર્મચારીઓનું આર્થિક શોષણ થવાની સંપૂર્ણ શક્યતાઓ છે.

અગાઉ પણ મધ્યાહન ભોજન યોજના કર્મચારી મંડળે મુખ્યમંત્રીને આવેદન આપ્યુ હતુ અને જિલ્લાકક્ષાએ મહારેલી પણ યોજી હતી અને મ.ભો.યો. કર્મચારી મંડળે ફરિયાદ પણ કરી હતી કે સરકારના દમનકારી વલણને પગલે પોલીસ દ્વારા કર્મચારીઓ પર ત્રાસ ગુજારાયો હતો.

રાજ્ય સરકાર દ્વારા મધ્યાહન ભોજન યોજના અઠવાડિક મેનુ તેમજ અલાયદો નાસ્તો આપવાનો અમલ કરવાનો જી.આર. તાત્કાલિક અસરથી રદ કરવામાં નહી આવે તો મધ્યાહન ભોજન યોજના કર્મચારી મહામંડળ મહાત્મા ગાંધી ચિંધ્યા માર્ગે શાંત અને અહિંસક આંદોલન તાલુકા, જિલ્લા અને રાજ્યકક્ષાએ તા. ૨૦-૧-૨૦૧૮ પછી આંદોલન કરશે.



## ચિલોડા પ્રાથમિક શાળાના નવીન પ્રવેશદ્વારનું ખાતમુહુર્ત કરાયું

ગાંધીનગર તાલુકાના પ્રવેશદ્વાર સમા ચિલોડા પ્રાથમિક શાળાના મુખ્ય પ્રવેશદ્વારનું ખાતમુહુર્ત કાર્યક્રમ ચિલોડા સહકારી મંડળીના ચેરમેન જૈમિનભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાયો હતો. આ કાર્યક્રમ અંતર્ગત સહકારી આગેવાન અને અગ્રણી સ્વ. જગદીશભાઈ બાબુભાઈના સ્મરણાર્થે શાળાના નવિન પ્રવેશદ્વારનું ખાતમુહુર્ત હાલના મંડળીના ચેરમેન અને ભાજપ યુવા મોરચાના અગ્રણી જૈમિનભાઈ પટેલના હસ્તે ખાતમુહુર્ત કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે ગામના શાસ્ત્રીજી વિષ્ણુપ્રસાદ રાવલ દ્વારા શાસ્ત્રોકત વિધિ પ્રમાણે ખાતમુહુર્ત કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે ગામના ડે. સરપંચ જયંતિભાઈ પટેલ, મંત્રી જયંતિભાઈ જે. પટેલ, જે.એમ.સી.ના પ્રમુખ તખતસિંહ ઠાકોર, શિક્ષણવિદ નટુભાઈ પટેલ, જૈમિનભાઈ પટેલના પરિવારજનો, આચાર્ય હર્ષદભાઈ પટેલ તથા શિક્ષક પરિવાર વગેરે હાજર રહ્યા હતા. આ શાળાનો પ્રવેશદ્વાર રૂ. ૧,૫૧,૦૦૦ના ખર્ચે બનાવવા માટે દાતા જૈમિનભાઈ જે. પટેલનું વિશેષ યોગદાન રહેતા તેમની સેવાકીય પ્રવૃત્તિને બિરદાવવામાં આવી હતી.

## ગાડીમાં જીપીએસ ચાલુ હતું ને ૧૫ મિનિટમાં હાઈવે પરથી ચોર ઝડપાઈ ગયો

અમદાવાદ,તા.૪

મોટા ભાગની વાહનચોરીમાં આરોપી વાહન અન્ય વ્યક્તિને વેચી દે છે અને પોલીસ ચેકિંગ દરમ્યાન વાહન ઝડપાતાં વાહનચોરીના ભેદ ઉકેલાય છે, પરંતુ નારણપુરા પોલીસે વાહનમાં લગાવેલ જીપીએસની મદદથી એક વાહનચોરને ઝડપી લીધો છે. નારણપુરા વિસ્તારમાંથી ચોરી થયેલી બોલેરો પિકઅપ વાનમાં જીપીએસ ચાલુ હતું અને વાહન માલિકના મોબાઈલમાં પરફેક્ટ લોકેશન મળી જતાં પોલીસે જીપીએસથી પિક અપ વાન લોક કરાવી દીધી અને ૧૫ મિનિટમાં આરોપીને ઝડપી લીધો હતો.

# કેપિટલ સ્ટેશનને વધારાની ટ્રેનો ફાળવવા માટે કોર્પોરેશન ઠરાવ કરી રજુઆત કરે

ગાંધીનગર તા ૪

ગાંધીનગર રેલવે સ્ટેશનનો વર્ષોના અંતે પણ વિકાસ થઈ શકયો નથી. સ્ટેશન પરથી રેલ યાત્રિકોને પુરતી રેલ સુવિધા ઉપલબ્ધ થાય તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે. આ અંગે અનેકવાર રજુઆતો કરવા છતા કોઈ પરિણામ મળ્યુ નથી. શહેર વસાહત મહામંડળે આ મામલે કોર્પોરેશનનુ તંત્ર ઠરાવ કરી રેલવે બોર્ડને રજુઆત કરે તેવી પણ માંગણી કરી છે. આમ નાગરિકોને વધુ સુવિધા મળી રહે તેવા કામો તરફ લક્ષ્ય આપવાના બદલે વેરો ઉઘરાવીને મહાનગરપાલિકાના તંત્ર દ્વારા આ મામલે નિરસતા સેવાઈ રહી હોવાનો આક્રોશ પણ મહામંડળે વ્યકત કર્યો છે.

શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચના જણાંવ્યા મુજબ ગાંધીનગર કેપિટલ સ્ટેશનને છાજે તેવી રેલ સુવિધા દાયકાઓના અંતે પણ ઉપલબ્ધ થઈ નથી. વર્ષોથી કેપિટલ સ્ટેશનને નવી ટ્રેઈનો ફાળવવામાં આવે તે માટે સ્થાનિક કક્ષાએથી રજુઆતો થાય છે. પરંતુ હજુ સુધી માત્ર ગણીગાંઠી ટ્રેઈનો જ ગાંધીનગર સ્ટેશન પરથી પસાર થાય છે. નવી ટ્રેઈનો લંબાવાની વાતો હજુ અધ્ધરતાલ જ છે. દરવખતે રેલ બજેટના અંતે પણ ગાંધીનગર રેલવે સ્ટેશનને ઠંગો દેખાડી દેવાય છે. કેપિટલ સ્ટેશનને છાજે તેવી સુવિધાઓ પણ સ્ટેશન પર ઉપલબ્ધ નથી. જયારે મુસાફરલક્ષી સુવિધાઓ સંદર્ભે પણ મીંડુ ચિતરાયેલુ હોય તેવી સ્થિતિ છે. નવી ટ્રેઈનો શરૂ કરવા માટે શહેર વસાહત મહામંડળ દ્વારા અત્યારસુધી હજારો પત્રો લખીને રેલવે વિભાગને રજુઆત કરવામાં આવી છે. ખોરજ ખોડીયાર થી સીધી કલોલ રૂટમાં દોડતી ટ્રેઈનોને




વાયા ગાંધીનગર કરવા માટે પણ શહેર વસાહત મહામંડળ દ્વારા ગાંધીનગર કોર્પોરેશનને અનેકવાર રજુઆતો કરવામાં આવી છે. ગાંધીનગરના મેયર , સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન તેમજ કમિશ્નરને પણ રેલવે સ્ટેન્શનના વિકાસ માટે ઠરાવ કરી રાજય તેમજ કેન્દ્ર સરકાર અને રેલવે બોર્ડ સુધી રજુઆત પહોંચતી કરવા માટે અનેકવાર મહામંડળ દ્વારા રજુઆત કરવામાં આવી છે. આમછતા આ મામલે ઠરાવ કરવામાં આવતો નથી. પરંતુ કોર્પોરેશનના તંત્રને જાણે કરવેરો વસુલવામાં જ રસ હોય તેમ આમ નાગરિકોની સુખાકારીમાં કોપરિશનના તંત્રને રસ જ ન હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. ગાંધીનગરને ૩૮ ટ્રેઈનોની સુવિધા મળે અમદાવાદ પાટણ , મહેસાણા, અને આબુ રોડની ટ્રેઈનો વાયા ગાંધીનગર થઈને દોડવાય તે અંગે પણ ૨ હજાર જેટલા પત્રો લખી મહામંડળ દ્વારા રજુઆત કરવામાં આવી છે. નગરની સ્વૈચ્છિક સંસ્થાઓ ઉપરાંત શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા પણ રેલવે બોર્ડને રજુઆત કરવામાં આવી છે. પરંત મહાનગરપાલિકાના તંત્રના પેટનુ પાણી હલતુ નથી. રેલવેના સંદર્ભે કોઈ ઠરાવ કરી રજુઆતનો દૌર આગળ વધારવામાં પણ મહાનગરપાલિકા નિરસતા સેવી રહયુ છે. રેલવે બજેટ રજુ કરવાનો સમય નજીક છે.

## પરીક્ષા આપ્યા વિના સીધી જ તલાટીની નોકરીનું કહી ત્રણ લોકો સાથે ૩૦ લાખની છેતરપિંડી

અમદાવાદ,તા.૪

પરીક્ષા આપ્યા વગર અને કોઈ પણ સરકારી ફોર્મ ભર્યા વિના તલાટીમાં નોકરી અપાવવાનું કહીને સૌરાષ્ટ્રના ત્રણ યુવકો પાસેથી એક દંપતી સહિત ત્રણ વ્યક્તિઓએ ૩૦ લાખ રૂપિયા ખંખેરી લીધા હોવાનો ઘટસ્ફોટ થયો છે. તલાટીમાં નોકરી લાગી ગઈ હોવાના બોગસ એપોઈન્ટમેન્ટ લેટર આપીને ત્રણેય જણાએ છેતરપિંડી આચરી હોવાનો ફરિયાદમાં આક્ષેપ કરાયો છે. પોલીસે નવા વાડજમાં રહેતા દંપતી સહિત ત્રણ વ્યકિતઓ વિરુદ્ધમાં તપાસ શરૂ કરી છે. રાજકોટમાં રહેતા અને જમીનની લે-વેચનું કામ કરતા અશોકભાઈ દલીભાઈ ચાવડાએ વાડજ પોલીસ સ્ટેશનમાં પતિ-પત્ની સહિત ત્રણ શખ્સો વિરુદ્ધમાં છેતરપિંડીની ફરિયાદ કરી છે. અશોકભાઈએ ફરિયાદમાં કરેલા આક્ષેપ પ્રમાણે નવા વાડજ વિસ્તારમાં આવેલ પ્રત્યક્ષા એપાર્ટમેન્ટમાં રહેતાં શ્વેતાબહેન તેમનાં પતિ શશાંકભાઈ દેસાઈ અને અરુણભાઈ વ્યાસે પરીક્ષા વગર તલાટીમાં નોકરી અપાવવાનું કહીને ૩૦ લાખ રૂપિયાની છેતરપિંડી આચરી છે.